
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મેષ**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચૈત્ર માસનો આરંભ ● આજે ચૈત્રી નવરાત્રિનો આરંભ. ● આજે ગુડી પડવો - કડવા લીમડાના મોરના રસનું સેવન. નવરાત્રિમાં કરવું. ● ચાંડાલ યોગ અને મીનારક ચાલુ છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** રાશિમાં ચંદ્ર બુધની યુતિ શુભ ગ્રહોની હોઈ ઉત્તમ છે. પરંતુ આઠમે શનિ મંગળની યુતિથી તમારે પડવા - વાગવા - દાઝવાની સંભાવનાઓથી સાવચેત રહેવું જરૂરી છે.

**વૃષભ** સાતમા સ્થાનમાં શનિમ મંગળને બારમે ચંદ્ર બુધની યુતિ આપના માટે અશુભ છે તેથી આખો દિવસ કોઈમ મોટા ભનાવમાં સંડોવાયા વગર સાવધ રહેશો તો સારું.

**મિથુન** ત્રીજે છઠ્ઠે દસમે અગિયારમે તમામ મુખ્ય ગ્રહો આવી જતા હોઈ તમારો સોનેરી સમય ચાલે છે જેનું તમારે જતનપૂર્વક લાલનપાલન કરવું જરૂરી છે. દિવસ લાભકારક છે.

**કર્ક** દસમે ચંદ્ર બુધની યુતિ શુભગ્રહોની હોવા છતાં બંને ગ્રહોની એકબીજાની અસરથી સારી ગણાતી નથી તેથી ના છૂટકે ના કરવું હોય તેવું કાર્ય કરવું પડે તેમ છે.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ ચાલે છે જે તમોને અવળું સુઝાડે તેવા યોગ છે. આઠમે સૂર્યથી સાવધ રહેવું - પડવા - વાગવા - દાઝવાથી સંભાળવું - ભક્તિ - પૂજા કરવી.

**કન્યા** સાતમે સૂર્ય શુક્રની યુતિ છે જેનાથી આપને કૌટુંબિક વિખવાદોમાં સપડાવું પડે. ધ્યાન રાખશો નહીં તો જીવનસાથી સાથે ચડભડ અવશ્ય થશે. સાવધ રહેશો.

**તુલા** જીવનસાથી તમારા ઉપર અતિ પ્રસન્ન રહેશે - સમય આનંદમાં પસાર થાય. ચંદ્ર - બુધની શુભગ્રહોની યુતિથી તમોને ન ધારેલી સફળતા અને આનંદ મય રહે.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં પ્રબળ થતો હોવાથી તમારી તંદુરસ્તી જળવાઈ રહેશે. છઠ્ઠે શુભ ગ્રહો છે જે તમારા શત્રુઓને પ્રબળ નહીં થવા દે. ધ્યાન રાખીને ડગ માંડશો.

**ધન** બારમે શનિ મંગળની યુતિથી તમારા ગુસ્સાને કાબૂમિં રાખવાની તમારી નબળાઈ છતી કરે છે જેથી ભક્તિ - પૂજા કરીને પણ તમારા ક્રોધને કાબૂમિં રાખી સંયમ રાખશો.

**મકર** સંતાનોના ભણવાના પ્રશ્નો સોલ્વ કરવામાં અને અન્ય પ્રશ્નો સોલ્વ કરવામાં તમારો આખો દિવસ જાય તેમ છે - ઉતાવળે નિર્ણય ન લેશો નહીં તો પસ્તાશો.

**કુંભ** સાતમે ચાંડાલ યોગથી તમોને વારંવાર ન કરવા જેવી બાબતોમાં માથું મારીને કદી પડવાની ઈચ્છાઓ જાગે - વૃત્તિઓ પર કાબૂ રાખી સંયમ કેળવશો તો સારું.

**મીન** રાશિમાં સૂર્યના મીનારક કમૂરતાંને લીધે ઉચ્ચના શુક્રની સારી અસરો ઓછી પ્રાપ્ત થાય છે. પરંતુ ધીરે ધીરે શુક્રની અસરો વધતી જશે ને આપનું જીવન આનંદમય બનતું જશે.

# આદિજાતિ વિસ્તારોમાં પાણી માટે પુરતી રકમ અપાઈ છે

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જાહેર કર્યું છે કે, રાજયના આદિજાતિ વિસ્તારોમાં પીવાનું પુરતુ પાણી વનબંધુઓને મળતું રહે તે માટે પાણી પુરવઠાના કુલ બજેટની અડધો અડધ પચાસ ટકા માત્ર આ વિસ્તારો માટે સુનિશ્ચિત કરવામાં આવી છે. આ સંદભમાં તેમણે કહ્યું કે આ વર્ષના અંદાજપત્રમાં સમગ્ર રાજયમાં પાણી પુરવઠા માટે રૂ. ૩૪૦૦ કરોડનું જે પ્રાવધાન રાજય સરકારે કર્યું છે તેના પચાસ ટકા રૂ. ૧૭૦૦ કરોડ આદિજાતિ ક્ષેત્રોમાં શુધ્ધ પીવાનું પાણી પુરતી માત્રામાં પહોંચાડવાની યોજનાઓ માટે ખર્ચાશે. મુખ્યમંત્રીએ આદિજાતિ ક્ષેત્ર પંચમહાલમાં રૂ. ૧૩૭ કરોડના ખર્ચે સાકાર થનારી હારેડા જુથ પાણી પુરવઠા યોજનાનું ખાતમૂર્હત ભાજપા પ્રદેશ અધ્યક્ષ અને પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં કર્યું હતું. આ યોજના ૨૦૧૭માં સાકાર થતાં મોરવા હડફના ૫૧ ગામોની ૩ લાખ ગ્રામીણ વસ્તીને ઉનાળામાં પણ પુરતુ પાણી મળતુ થતાં જળ સલામતિનું ધ્યેયપાર પડશે. આનંદીબેન પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું કે, પાણી પુરવઠાની યોજનાઓ સહિત પાયાની માળખાકીય સુવિધાઓ સામાન્યમાં સામાન્ય માનવી, અંતરિયાળ વિસ્તારોને પણ સુપેરે મળતી રહે તે માટેની યોજનાઓમાં નાણાની કોઈ કચાશ આ સરકાર રાખતી નથી. તેમણે ભૂતકાળમા કોંગ્રેસી શાસકોએ અણધડ આયોજનથી આદિજાતિ વિસ્તારોને પાણી માટે વલખાં મારતા રાખ્યા હતા. તેની આકરી આલોચના કરતા ઉમેર્યું કે, જેમણે આદિજાતિઓને મતબેન્કનું પતાકડું સમજીને પાણી જેવી જીવન જરૂરીયાતની વસ્તુથી વંચિત રાખ્યા, ટેન્કર રાજમાં ભ્રષ્ટાચારની કટકી સગાવાદથી કરી તેવા લોકોને પીવાના પાણીના પ્રશ્ને બુમરાણ મચાવવાનો કોઈ અધિકાર જ નથી. મુખ્યમંત્રીએ પાછલા દોઢ દાયકામાં ગુજરાતમાં જળવ્યવસ્થાપન, જળ વિતરણની જે સુદ્રઢ વ્યવસ્થાથી હરેક ગામ નગર ઘરને પાણી પહોચતુ થયું છે તેવા પાણીદાર આયોજનની ભૂમિકા આપતાં જણાવ્યું કે, પાણીની સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ ભૂતકાળના શાસકો લાવી ના શક્યા તે આ સરકારે નર્મદામૈયાના જળ બલ્ક પાઈપલાઈનોથી ગામોના તળાવો, જળાશયોમાં ભરીને લાવી દીધો છે.




## રૂપકડી ''ડસ્ટબીનો''ના ઢાંકણ ગાયબ થયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન દ્વારા ''સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત''નું સ્વપ્નુ સેવ્યું છે. આ મિશન અંતર્ગત ગાંધીનગરમાં પણ તમામ માર્ગો પર ઠેર ઠેર રૂપકડી ડસ્ટબીનો ખડકી દેવાયી હતી. જો કે દરેક સરકારી પહેલનો જોરશોરથી પ્રારંભ તો કરાય છે પરંતુ તેનો અંત કેવો હોય છે તે તમામ નાગરિકો જાણે છે. નગરના માર્ગો પર કચરાના નિકાલ માટે મુકવામાં આવેલ આ ડસ્ટબીનોની નિયમિત સફાઈ તથા યોગ્ય જાળવણીના અભાવે બદતર હાલત થઈ ચુકી છે. શહેરની અનેક ડસ્ટબીનોના તો ઢાંકણ જ ગાયબ થઈ ચૂક્યા છે. જેના કારણે કૂતરાં, ગાયો, વગેરે જેવા પ્રાણીઓ દ્વારા તેમાં ફેંકાયેલા કચરામાં ખોરાક શોધવાના પ્રયત્નો કરતા હોઈ કચરો ડસ્ટબીનની બહાર ફેલાવા લાગે છે અને વધુ ગંદકી ફેલાય છે. આ ડસ્ટબીનોના ઢાંકણ ગાયબ થવા અંગે તંત્રએ તપાસ હાથ ધરવી જોઈએ તેવુ જણાઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# માણસા-કલોલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ૧૭૫ પ્રશ્નોના નિવારણ અંગે સૂચનાઓ

ગાંધીનગર, તા. ૭

માણસા અને કલોલ ખાતે તાલુકાના લોકસંવાદ સેતુ કાર્યક્રમ શહેરી ગૃહ નિર્માણ અને વાહન




વ્યવહાર રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમાર અને જિલ્લા કલેકટર રવિશંકરની ઉપસથિતિમાં યોજાયેલ આ લોકસંવાદ સેતુ (લોક દરબાર)કાર્યક્રમમાં માણસા ખાતે ૧૦૧ અને કલોલ તાલુકાના લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ૭૪ જેટલા પ્રશ્નો અરજદારો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ અરજદારોને વ્યક્તિગત સંભાળીને મોટાભાગના પ્રશ્નનો સ્થળ ઉપર ઉકેલ લાવવામાં આવ્યા હતા. જયારે વહીવટી અને પોલીસી મેટરના અગત્યતા ધરાવતા વિકાસકામોના પ્રશ્ન અંગે મંત્રી શંકરભાઈ ચૌધરીએ સંબંધિત અધિકારીઓને વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી વિકાસ કામો સત્વરે હાથ ધરવા જણાવ્યું હતું.

મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રજાના વ્યક્તિગત અને સામૂહિક એવા કેટલાક જટિલ વિકાસલક્ષી પ્રશ્નો પોલીસી મેટરના હોય છે, જયારે તાલુકા કક્ષાના ગામડાઓના માળખાકીય પ્રાથમિક સુવિધાઓના વિકાસ કામો માટે જરૂરિયાત મુજબ બજેટની ફાળવણી થઈ શકે તથા વર્ષોથી અટવાઈ પડેલા જટિલ સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે પ્રજા અને જિલ્લા વહીવટી તંત્ર સાથે ચર્ચા - વિચારણા કરીને આવા પ્રશ્નો હલ થાય તે જરૂરી છે. ગ્રામીણ કક્ષાએ સી.સી રોડ, ગટરલાઈન, તળાવના કામો, સુજલામ્-સુફલામ્ સિંચાઈ યોજના સહિત ખેડૂતોની વારસાઈને લગતા પ્રશ્નોનું પ્રમાણ વધારે હોઈ આના નિરાકરણ માટે બજેટ જોગવાઈ પ્રમાણે તબક્કાવાર ગામોનો સમાવેશ કરી આવા વિકાસ કામો પૂર્ણ કરવા અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

મંત્રી શંકરભાઈ ચૌધરી અને જિલ્લા કલેકટર રવિશંકર દ્વારા અરજદારો દ્વારા રજૂ થયેલ વ્યક્તિગત અને સામૂહિક વિકાસકામોના પ્રશ્નો અંગે અરજદારને સંતોષ થાય તે રીતે તેમની રજૂઆત સંભાળીને સંબંધિત કચેરીઓના અધિકારીઓને સત્વરે પ્રશ્નોના નિકાલ બાબતે સૂચનાઓ આપી હતી.

# ઈબા હલાલ કેર દ્વારા પ્રસ્તુત ભારતનું પ્રથમ હલાલ હેર કલર્સ

મહિલાઓમાં સ્કીનકેર અને કલર કોસ્મેટીક્સની સાથે હેર કલર આજે ખૂબ જ મહત્વની પ્રોડક્ટસ બની ગયું છે. ભારતની પ્રથમ હલાલ કોસ્મેટીક બ્રાન્ડ, ઈબા હલાલ કેરે ૧૦૦ ટકા હલાલ પ્રમાણિત તત્વોથી બનેલ હેર કલર્સ લોન્ચ કરેલ છે.

બજારમાં ઉપલબ્ધ મોટાભાગના કલર્સમાં બિન-હલાલ વસ્તુઓ જેવી કે એમોનીયા, આલ્કોહોલ, પ્રાણીઓની તારવેલી વસ્તુઓ અને નુકસાન કારક કેમિકલ્સ જેવા કે સલ્ફેટ અને પેરાબિન્સનો સમાવેશ થાય છે. ''અમારા ગ્રાહકો નિયમિત રૂપે આવા કલર્સનો ઉપયોગ ટાળે છે અને તેઓ માને છે કે તે નુકસાનકારક છે અને નમાઝ માટે યોગ્ય નથી. તેથી તેઓ મહેંદીના કુદરતી રંગનો ઉપયોગ કરે છે જે એટલો અસરકારક હોતો નથી અથવા બિન હલાલ કલરો જેમાં તેઓ અસ્વસ્થતાં અનુભવે છે.'' તેમ ઈબા હલાલ કેરના ફાઉન્ડર અને સીઈઓ મીસ મૌલી તેલીએ જણાવ્યું હતું. 'દોઢ વર્ષ કરતા વધુ સમયના પરીક્ષણ અને સંશોધન પછી અમો ભારતની સૌ પ્રથમ ૧૦૦ ટકા શુદ્ધ હલાલ પ્રમાણિત વસ્તુઓના ઉપયોગથી હલાલ હેર કેર લોન્ચ કર્યું છે જે એમોનિયા, આલ્કોહોલ, સલ્ફેટ અને પેરાબીન્સથી મુક્ત છે જો કે તે શાકાહારી અને ક્રૂરતા મુક્ત છે,'' તેવું ઈબા હલાલ કેરના કો-ફાઉન્ડર અને વાઈસ પ્રેસિડેન્ટ મીસ ગ્રીષ્મા તેલીએ ઉમેર્યું હતું. મહેંદી આધારિત ઈબા હેર કલરની ફોર્મ્યુલાથી વાળને કોઈ નુકસાન થતું નથી કે ખરતા નથી. તે વાળને લાંબા કરી મજબૂતાઈ પુરી પાડે છે. કલર્સ બે શેડમાં ઉપલબ્ધ છે ડાર્ક કોલ (બ્લેક) અને ડાર્ક બ્રાઉન છે તેની કિંમત તદ્દન પોષાય તેવી ફક્ત રૂ. ૧૫૦માં ૬૦ ગ્રામ રાખી છે. ઈબા હેર કલર્સ તેના એક્સક્લુઝીવ સ્ટોર્સ અમદાવાદ, વડોદરા, સુરત, ઔરંગાબાદ અને બેંગ્લુર ખાતેથી તેમજ ગુજરાતના અગ્રગણીય કોસ્મેટીક્સ/મેડિકલ સ્ટોર્સ ઉપર ઉપલબ્ધ રહેશે.

# એસ્ટ્રોનોમી ફેસ્ટ ૨૦૧૬ અમદાવાદમાં સૌપ્રથમ વાર 'એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ' યોજાશે

અમદાવાદ, તા. ૭

તમારા કેલેન્ડરમાં તારીખો નોંધી રાખો કારણ કે અમદાવાદમાં સૌપ્રથમ વાર 'એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ' નજીકના સમયમાં આવી રહ્યો છે. સૌ પ્રથમ એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ તા. ૧૫, ૧૬, ૧૭ એપ્રીલ, ૨૦૧૬ દરમ્યાન કોન્સેટેલેશન ગાર્ડન, સૂર્યમ રિપોઝ ખાતે યોજાઈ રહ્યો છે.

આ એસ્ટ્રોનોમી ફેસ્ટીવલને પ્રવચન બેઠકો, મોડેલ મેકીંગ વર્કશોપ્સ, ટેલિસ્કોપના ડેમોન્સ્ટ્રેશન, ફૂલ ડોમ ફીલ્મ શો, નાઈટ સ્કાય વોચીંગ જેવા કાર્યક્રમોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. પ્રસિધ્ધ વૈજ્ઞાનિકો બ્રહ્માંડ અને ગ્રહમંડળની કામગીરી અંગે ઉંડાણપૂર્વકની જાણકારી આપશે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં આ ફેસ્ટીવલ અંગેની વિગત આપતાં એસ્ટ્રોનોમી ગ્રુપ ઓફ અમદાવાદના પ્રેસીડેન્ટ અને એમેચ્યોર એસ્ટ્રેનોમર શ્રી ધનંજય રાવલે જણાવ્યું હતું કે સતાજેતરમાં માર્સ મિશનને સફળતા હાંસલ થયા પછી ભારતના લોકોમાં આઉટર સ્પેસ અંગેના કૂતુહલમાં અનેક ગણો વધારો થયો છે અને આ રૂચીને આગળ ધપાવીને એસ્ટ્રોનોમી ગ્રુપ ઓફ અમદાવાદ દ્વારા અમદાવાદમાં ત્રણ દિવસના 'એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. 'એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ'નો ઉદ્દેશ લોકોના કૂતુહલને સંતોષવાની સાથે સાથે તારા, ગ્રહો અને બ્રહ્માંડ સંબંધી દરેક બાબતે જાણકારી આપવાનો છે. આ ફેસ્ટીવલ એસ્ટ્રોનોમીમાં ઉંડી રૂચી ધરાવતા ૯ વર્ષથી માંડીને ૯૯ વર્ષ સુધીના લોકો માટે આનંદદાયક સમારંભ બની રહેશે. આ પ્રસંગે ઈસરોના સિનિયર સાયન્ટીસ્ટ ડો. સી.એમ.નાગરાણી, ઈસરોના સિનિયર સાયન્ટીસ્ટ ડો.રમેશ પંડયા તથા એમેચ્યોર એસ્ટ્રોનોમર શ્રી તન્મય વ્યાસ હાજર રહ્યા હતા. વધુ માહિતી માટે કૃપયા શ્રી ધનંજય રાવલનો +૯૧ ૯૮૯૮૧ ૨૧૨૮૯ ઉપર સંપર્ક કરો અથવા astronomyfest.blogspot.in વાંચો

## લોકપ્રિય નેતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર સારી કામગીરી કરી રહી છે. સર્વેમાં સામેલ ૫૮ ટકા લોકોએ કહ્યુ છે કે આશા છે કે ભવિષ્ય સારુ બનશે. હાલમાં જે પગલા લેવામાં આવ્યા છે તેની સારી અસર થશે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો લોકો માની રહ્યા છે કે અચ્છે દિન આવનાર છે. આ સર્વેમાં સામેલ લોકોની વિચારધારાથી અંદાજ મળે છે કે લોકો સરકારની કામગીરીથી ખુશ છે. રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રદ્રોહ સાથે જોડાયેલા પ્રશ્નો પર લોકોને પ્રશ્ન કરવામાં આવતા મોટા ભાગના લોકોએ કહ્યુ છે કે સરકાર યોગ્ય પગલા લઈ રહી છે. સર્વેમાં સામેલ અડધા લોકો એટલે કે ૪૬ ટકા લોકો માને છે કે વિવાદ કોંગ્રેસના કારણે થઈ રહ્યા છે. ૫૨ ટકા લોકો માને છે કે સરકાર યોગ્ય પગલા લઈ રહી છે. અલબત્ત ચૂંટણી સિઝનને જોતા સર્વેના પરિણામ સમગ્ર દેશ અથવા તો દેશની વસ્તીના જુદા જુદા હિસ્સામાં મુડનો અંદાજ આપતા નથી. આ પરિણામ મોદીના સમર્થક અને સરકારની લોકપ્રિયતાનો અંદાજ આપે છે. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકત્તા, હૈદરાબાદ અને અમદાવાદમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૨૦૦૦થી વદારે લોકોને પ્રશ્ન કરવામાં આવ્યા હતા. જેમાં ૨૪થી ૫૦ વર્ષની વયના લોકો સામેલ કરવામાં આવ્યા હતા. આ તમામ લોકોની વાર્ષિક પરિવારિક આવક ત્રણ લાખથી લઈને ૨૦ લાખ વચ્ચેની રહી છે. સર્વેમાં જવાબ આપનાર માં મોટી સંખ્યામાં મહિલાઓ પણ સામેલ છે. સર્વેના પરિણામ દર્શાવે છે કે રાહુલની સરખામણીમાં મોદીની લોકપ્રિયતા ખુબ વધારે છે.

## બાઈક રેલી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાઈક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે.ચિલોડાથી ગિયોડ અંબાજી મંદીર સુધી યોજાનારી આ રેલીમાં જિલ્લાના ૪૦૦ જેટલા જવેલર્સ જોડાશે.

એકસાઈઝ ડયુટીના વિરોધમાં સોની બજારે બાંયો ચઢાવતા છેલ્લા એક મહનાથી રાજયના વિવિધ શહેરોમાં વિરોધ પ્રદર્શિત કરવા માટેના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે છેલ્લા એક મહીનાથી સોની બજાર બંધ રહેતા કરોડા રૂપિયાનુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ગાંધીનગર જિલ્લા જવેલર્સ એસોસિએશન પણ એકસાઈઝ ડયુટીના વિરોધમાં આજે બાઈક તેમજ સ્કુટર રેલી યોજશે. જિલ્લા જવેલર્સ એસોસિએશનના પ્રમુખ અલ્પેશ સોનીએ આ અંગે જણાંવ્યુ હતુ કે જિલ્લાના જવેલર્સ દ્વારા આજે સવારે ચિલોડા સત્યાગ્રહ છાવણીથી રેલી યોજાશે. એકસાઈઝ ડયુટી નાબુદ કરોની બુલંદ માંગ સાથે સોની બજારના વેપારીઓ ગિયોડ માતાજી મંદિર સુધી રેલી નિકાળશે. જિલ્લા જવેલર્સ એસોસિએશન આયોજિત આ રેલીમાં ગાંધીનગર ઉપરાંત કલોલ,દહેગામ તેમજ માણસાના સોની બજારના વેપારીઓ પણ જોડાશે. આ બાઈક રેલીમાં ૪૦૦ જેટલા વેપારીઓ જાડાય તેવી શકયતા છે.

## ઈ-વોટર્સની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ ઈ.વોટર્સના રજીસ્ટ્રેશન માટે ૧૫૦૦થી વધુ પત્રો દરેક વિભાગોના વડાઓને લખી કર્મચારીઓ સુધી તે અંગે સંદેશો પહોંચાડવા જણાવ્યુ છે. આ ઉપરાંત શહેરમાં ચાર થી વધુ સ્થાનો પર હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા છે. ગઈ વખતની ચૂંટણીમાં ૧૭૦ જેટલા ઈ.વોટર્સે મતદાન કર્યુ ન હતુ. આ વખતે ઈ.વોટર્સ સિસ્ટમ માટે પંચ પણ સતત મોનીટરીંગ કરી રહ્યું છે. મળતી વિગતો મુજબ ૨૨૫થી વધુ મતદારોનું અત્યાર સુધીમાં રજીસ્ટ્રેશન થવા પામ્યું છે. વેરીફીકેશન માટે ૧૬ જેટલી ટીમો બનાવવામાં આવી છે.

## તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

જોવુ જોઈએ જેને હેમોગ્લોબિન કહે છે. પછી તેમાં જંતુનું ઈન્ફેક્સન છે કે નહિ તે જોવા માટે CBC કરવાનુ થાય. પછી બીજો નંબર આવે છે બ્લડ ગ્રુપ જેમાં ઈર કરવાનુ છે જેમાં Rh નેગેટીવ હોય તો પહેલી પ્રસુતિ પછી બીજી પ્રસુતિ વખતે તેની અગત્યતા ખુબ વધી જાય છે નેગેટીવ વાળા બહેનો ને ANTI -Dના ઈન્જેકશન લેવાનું થાય છે અને પહેલી પ્રસુતિ વખતે લોહી ઓછું હોય તો લોહી આપવા માટે નેગેટીવ ગ્રુપ ઓછું મળવાથી નેગેટીવ ગ્રુપ વાળા ડોનર શોધી રાખવા જોઈએ. પછી ડાયાબીટીસ ભૂખ્યા પેટે અને જમીને ૨ કલાકે કરાવી લેવું જોઈએ, જો ડાયાબીટીસ હોય તો તેની દવા કરવી જોઈએ અને ધ્યાન રાખવુ જોઈએ. ડાયાબીટીસ સાથે પ્રેગનેન્સી જોખમ કારક છે. કીડનીનો ટેસ્ટ S.CREAT કરવી લેવું જોઈએ, લીવરનો ટેસ્ટ પણ કરાવી લેવો જોઈએ, જેને SGPT કહેવામાં આવે છે.VDRL નો ટેસ્ટ પણ ખુબ અગત્યનો છે જો પોસિટીવ હોય તો પ્રસુતિ બગડવાની શક્યતાઓ બહુ છે. હવે અગત્ય ને જે ટેસ્ટ છે એ દરેક ને એ થાય કે મારો આ ટેસ્ટ શુંકામ કરાવ્યો અને તે છે શકયતા HIV નો ટેસ્ટ ભલે HIVના હોય પણ અવશ્ય HIV કરાવી લેવો બહુ જરૂરી છે.જેમાં HIV વાળું બાળક જન્મે છે તેને જઈને પૂછી આવો... તેવોજ અગત્યનો ટેસ્ટ છે HBsAG જો તે પોસિટીવ હોય તો એના બાળક ને HBsAG પોસિટીવ આવે છે અને એ પ્રસુતીના સમય ખુબ અગત્યની ભૂમિકા ભજવે છે જેને HEP -B વાયરસ કેરીઅર કહે છે. હવે એક થાયરોઈડનો ટેસ્ટ જેને T3,T4,TSH કહે છે. જે કરવો પણ ખુબ અગત્ય નો છે જો થાયરોઈડ હોય તો પ્રસુતી વખતે ખુબ તકલીફ પડે છે જેમાં એબોર્શન થવાની વધી જાય છે. હવે અગત્યનો ટેસ્ટ છે URINE COMPLET કરવું જોઈએ જેનાથી જંતુ નો ચેપ હોય તે ખબર પડે. હવે બહુજ અગત્યનો ટેસ્ટ છે જે બધી લાબોરેટરી વાળા નથી કરતા પણ જે કરવો ખુબ જરૂરી છે જે આવનાર બાળક ના ભવિષ્ય નો સવાલ છે તે ટેસ્ટ છે, HEMOGLOBIN ELECTROPHORESIS FOR thalassemia minor જો માતા નો ટેસ્ટ પોઝીટીવ આવે તો થનાર બાળકના પિતા નો પણ કરાવી લેવો જોઈએ અને બંને ના thalassemia minor પોઝીટીવ આવે તો બાળક માં thalassemia MAJOR ની શક્યતા ઓ વધી જાય છે રમીલા એ ડોકટર ને પૂછ્યું thalassemia minor અને MAJOR માં શું ફરક છે.ડોકટરે કહ્યું thalassemia minor સાથે માણસ ઓછા HB સાથે નોર્મલ જીવી શકે છે જયારે MAJOR સાથે ૨૫ થી ૩૦ વર્ષ શુધીજ જીવી શકે છે પણ લોહી ઓછું થઈ જાય તો દર મહીને લોહી આપવું પડે જેના ઘરે હોય તેને પૂછી આવજો કેવું જીવન હોય.આખું કુટુંબ તેના લીધે ખલાસ થઈ જતા મેં જોયા છે. હજુ એક અગત્યનો નવોજ ટેસ્ટ નીકળ્યો છે જેને DOUBLE MARKER અથવા તો TRIPSLE MARKER જેનાથી આવનાર બાળકનું મગજ બરાબર છે કે નહિ તેની ખબર પડે છે.ટૂંકમાં સીતાબા બોલ્યા આ બધાજ ટેસ્ટ મારે મારી વહુને કરાવા જ છે. ડોકટરે કહ્યું - તમે થોડા મોડા પડ્યા છો એટલે DOUBLE MARKER એ સામાન્ય રીતે મહિના રહ્યા ના ૨-૩ મહિનામાં જ કરાવો પડતો હોય છે પણ જે યોગ્ય હોય તે કરાવીશું. સાહેબ પહેલા ખબર હોત તો પહેલા મહીને આવી જાત.

સીતાબાની પુત્રવધૂના બધાજ રીપોટ નોર્મલ આવ્યા. રવીસભામાં જાય છે અને ભગવાનની ભક્તિ કરે છે.

## જામીન અરજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાથ ધરાયા બાદ હવે સુનાવણી ૧૩મી એપ્રિલ હાથ ધરાશે. હાર્દિકના અન્ય સાથીઓ કેતન પટેલ, દિનેશ અને ચિરાગ પટેલની જામીન અરજી પણ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ત્રણેય દ્વારા પણ હાઈ કોર્ટમાં જામીન અરજી કરાઈ છે. જામીન અરજીની સુનાવણી અગાઉ મોકૂફ કરી દેવામાં આવી હતી. હાઈ કોર્ટમાં જામીન અરજી કર્યા બાદ વકીલે કહ્યું કે, તેઓ આશાવાદી બનેલા છે. ૮મી માર્ચના દિવસે સેશન કોર્ટે તેની જામીન અરજીને ફગાવી દીધી હતી. જો તેને જામીન ઉપર છોડાશે તો તે ગુનાઓનું પુનરાવર્તન કરી શકે છે. બીજી બાજુ સુરત જિલ્લા સરકારી અરજીદારોએ દલીલો કરી હતી અને કહ્યું હતું કે, હાર્દિકનું વર્તન સારુ રહ્યું નથી.

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**
RamKrushna Paramhans Education Complex, KH-Road, Sector-15, GANDHINAGAR- 382016

**વોટર કુલર ખરીદવા અંગેના ભાવપત્રકો**

આઈ.આઈ.ટી.ઈ.ના શિક્ષણ સંકુલ સેક્ટર-૧૫ ખાતે વૉટર કુલરની જરૂરીયાત અંગેની ખરીદી માટે ભાવપત્રક મેન્યુફેક્ચર / ઓથો. ડીલર પાસે આમંત્રિત કરવામાં આવે છે. ભાવોની નકલ તા. ૮/૪/૨૦૧૬ થી www.iite.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે, અને તા. ૧૮/૪/૨૦૧૬ સુધીમાં ભાવો ભરી જરૂરી દસ્તાવેજો સાથેની નકલ રૂબરૂ અથવા પોસ્ટથી ઉપરોક્ત સરનામે મોકલવાની રહેશે.

કા. કુલસચિવ
આઈ.આઈ.ટી.ઈ.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ